૮૬/૧૨

ઓરાણ તીરમીઝી સૈયદ ટ્રસ્ટ

૨૫ મો વાર્ષિક સમારંભ

- શરાફતહુસૈન ફકરુદ્દીન સૈયદ ચેરમેન
- ફઈમ એન.તીરમીઝી સેક્રેટરી

૧૮-૧૦-૨૦૨૬,
રવિવાર
સાંજે ૫:૦૦ કલાકે


સ્વ. નરોત્તમ ઝવેરી હોલ,
પાલડી, અમદાવાદ.૦૬

વાર્ષિક અહેવાલ અને હિસાબ
વર્ષ : ૨૦૨૫/૨૦૨૬



સરનામું : ઓરાણ તીરમીઝી સૈયદ ટ્રસ્ટ
તીરમીઝી બિલ્ડીંગ, પીરાણાના ડહેલાની સામે, ખામાસા ગેટ પાસે, જમાલપુર રોડ,
અમદાવાદ-૧. મોબાઈલ : ૯૮૨૫૦ ૭૧૨૦૪, ૯૮૨૪૦ ૪૬૦૫૦

www.orantirmizisaiyedtrust.in faimtirmizi@gmail.com


Marhum
Haji Bismillahmiya H. Tirmizi
&
Marhuma
Hajiyani Badrunnisha B. Tirmizi

(Ad.)

ઓરાણ તીરમીઝી સૈયદ ટ્રસ્ટ

(સ્થાપના : ૧૯૯૭)

પચીસમો વાર્ષિક સમારંભ

૨૦૨૫/૨૬

તારીખ : ૧૮-૧૦-૨૦૨૬, રવિવાર, સાંજે ૫:૦૦ કલાકે
સ્વ. નરોત્તમ ઝવેરી હોલ, પાલડી, અમદાવાદ.

મુખ્ય મહેમાન

જનાબ ડૉ. અમીરૂદ્દીન એમ. કાદરી સાહેબ (એમ.ડી), એક્ઝયુકેટીવ ડાયરેકટર
જનાબ મોહંમદ સોહીલ મૈયોદ્દીન તીરમીઝી સાહેબ (Under Secretary, Sachivalay)
શ્રી હીરાભાઈ રામાભાઈ દેસાઈ સાહેબ (નિવૃત્ત ડી.વાય.એસ.પી.)

"માની સેવા" કરવાના બદલામાં હઝરત મોહંમદ બીન વલી તીરમીઝીને મહાન "મરતબો" મળ્યો. (તીરમીઝી શરીફ)

ઓરાણ તીરમીઝી સૈયદ ટ્રસ્ટ (સ્થાપના : ૧૯૯૭)

● પચીસમો વાર્ષિક સમારંભ ●

પ્રોગ્રામ

તારીખ : ૧૮-૧૦-૨૦૨૬, રવિવાર, સાંજે ૫:૦૦ કલાકે
સ્વ. નરોત્તમ ઝવેરી હોલ, પાલડી, અમદાવાદ.

૧. સમારંભમાં પધારેલા મહેમાનોને સ્ટેજ પર પધારવા માટે સેક્રેટરી જનાબ ફઈમ એન.તીરમીઝી વિનંતી કરશે.

૨. સમારંભના પ્રમુખની વરણી માટેની દરખાસ્ત જનાબ શરાફત હુસેન એફ. સૈયદ મૂકશે અને જનાબ મૈયુદ્દીન નિઝામુદ્દીન સૈયદ ટેકો આપશે.

૩. **તિલાવતે કુરઆન** - મૌલાના સાહેબ કરશે.

૪. **સ્વાગત પ્રવચન** -

૫. **મહેમાનોનું ફુલહારથી સ્વાગત** (ટ્રસ્ટના હોદ્દેદારો દ્વારા)
જનાબ ડૉ. અમીરૂદ્દીન એમ. કાદરી સાહેબ
જનાબ મોહંમદ સોહીલ મૈયોદ્દીન તીરમીઝી સાહેબ
શ્રી હીરાભાઈ રામાભાઈ દેસાઈ સાહેબ
શ્રીમાન પ્રવિણકુમાર હીરાભાઈ પરમાર (સરપંચ શ્રી) મો. ૯૧૦૬૪૯૮૯૮૭
ઓરાણ તલાટી કમમંત્રી શ્રી રણવીરસિંહ ચૌહાણ - મો. ૮૦૦૦૬૯૭૯૭૫
શ્રીમાન ભાવિન પટેલ સાહેબ (પ્રિન્સિપાલ ઓફ શેઠ એમ.કે.ઓરાણ ગ્રુપહાઈસ્કુલ, ઓરાણ) - મો. ૯૪૨૮૧૩૫૩૧૫
પેશઈમામ સાહબ - ઓરાણ મસ્જીદ

૬. **ખીરાજે અકીદત**
મૃત્યુ સહાય માટે સમજ જનાબ મોહંમદ જહાંગીર બુનીયાદઅલી સૈયદ આપશે.

૭. ટ્રસ્ટના સેક્રેટરી જનાબ ફઈમ એન. તીરમીઝી ટ્રસ્ટના અહેવાલનું ટુંકમાં વિશ્લેષણ આપશે.

૮. **મહેમાનોની ઓળખવિધિ**
જનાબ ડૉ. અમીરૂદ્દીન એમ. કાદરી સાહેબ
જનાબ મોહંમદ સોહીલ મૈયોદ્દીન તીરમીઝી સાહેબ
શ્રી હીરાભાઈ રામાભાઈ દેસાઈ સાહેબ

૯. **મુખ્ય મહેમાનોનું ટુંકમાં પ્રવચન**
જનાબ ડૉ. અમીરૂદ્દીન એમ. કાદરી સાહેબ
જનાબ મોહંમદ સોહીલ મૈયોદ્દીન તીરમીઝી સાહેબ
શ્રી હીરાભાઈ રામાભાઈ દેસાઈ સાહેબ

પારકા માટે પગથિયું ન બની શકો તો કંઈ નહિ, પણ ચાલનારના માર્ગમાં ખાડારૂપ તો ન જ બનશો...

૧૦. ટ્રસ્ટના હોદ્દેદારો

૧. જનાબ શરાફતહુસેન ફકરુદ્દીન સૈયદ - ચેરમેન

૨. જનાબ ઈલીયાસ એમ. તીરમીઝી - વાઈસ ચેરમેન

૩. જનાબ ફઈમ એન. તીરમીઝી - સેક્રટરી

૪. જનાબ મોહંમદ શોએબ મૈયુદ્દીન તીરમીઝી - ટ્રેઝરર

૫. જનાબ મોહંમદ જહાંગીર બુનિયાદઅલી સૈયદ - વાઈસ ટ્રેઝરર

૧૧. ઈનામ વિતરણ (લીસ્ટ પ્રમાણે)

૧૨. રોકડ સહાય સ્કોલરશીપ

- મર્હુમ જનાબ સિરાજુદ્દીન બી. તીરમીઝી (પ્રકાશક-ગુજરાત ટુડે) ની યાદીમાં તથા તેમની પ્રેરણાથી પ્રોત્સાહિત રોકડ ઈનામ અને સર્ટિફિકેટ તેમના પુત્ર જનાબ ડૉ. નઈમ સિરાજુદ્દીન તીરમીઝી તરફથી આપવામાં આવશે.
- મર્હુમ નિઝામોદ્દીન (મુખી સાહેબ અબ્બા) અને મર્હુમા સદરન્નીશા (અમ્મા) ના ઈસાલે સવાબ અર્થે તેમના પુત્ર મર્હુમ બુનિયાદલી એન. સૈયદના ઈસાલે સવાબ અર્થે તેમના પુત્ર મોહંમદ જહાંગીર બુનીયાદઅલી સૈયદ તરફથી કુરાનશરીફ પૂર્ણ કરનારને ઈનામ રૂપે કુરઆનશરીફ આપવામાં આવશે.

૧૩. ટ્રસ્ટની ટુંકી વિગત અને આભાર વિધી

ટ્રસ્ટના ચેરમેન જનાબ શરાફત હુસેન ફકરુદ્દીન સૈયદ ટુંકમાં વિગત રજુ કરશે.

૧૪. પ્રોગ્રામની પુર્ણાહુતી બાદ જમણવાર રાખેલ છે

ઓરાણ તીરમીઝી સૈયદ ટ્રસ્ટની કામગીરીનો ટૂંકમાં પરિચય

- S.S.C. / H.S.C. / ગ્રેજ્યુએશન / પોસ્ટ ગ્રેજ્યુએશનનાં વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ તથા મદ્રસાના બાળકોએ ખત્મે કુરાનશરીફ માટે ઈનામ વિતરણ.

- પોસ્ટ ગ્રેજ્યુએશનના વિદ્યાર્થીઓ સ્કોલરશીપ આપવામાં આવશે.

- વિધવા સહાય - દર વર્ષે સમાજની વિધવાઓને વિધવા સહાય આપવામાં આવે છે.

- મૃત્યુ સહાય - મૃત્યુનાં પ્રસંગે તાત્કાલિક સહાય

- દર વર્ષે વાર્ષિક સમારંભનું આયોજન કરવામાં આવે છે.

- મૃત્યુનાં પ્રસંગે ટ્રસ્ટ દ્વારા મેસેજ કરી સમાજને જાણ કરવામાં આવે છે.

ઓરાણ તીરમીઝી સૈયદ ટ્રસ્ટ નો Whatsapp No. : 06352155446
હવેથી ટ્રસ્ટનો ઉપર મુજબનો વોટ્સએપ નંબર રહેશે.

૧. આ અહેવાલમાં નામની સામે પ્રિન્ટ કરેલ મોબાઈલ નં. બદલાયેલ હોય તો બદલેલ મોબાઈલ નંબરની ઉપરોક્ત નંબર ઉપર જાણ કરવા વિનંતી.

૨. મૈયત-ઝીયારત સામૂહિક ધાર્મિક કે સામાજિક પ્રસંગ અંગે માહિતી સંપૂર્ણ સમાજને પહોંચાડવા માટે ઉપરોક્ત નંબર ઉપર મેસેજ ટાઈપ કરી મોકલી આપવા વિનંતી.

ઓરાણ તીરમીઝી સૈયદ ટ્રસ્ટ

તીરમીઝી બિલ્ડીંગ, ખમાસા, અમદાવાદ.

રજીસ્ટ્રેશન નંબર : ઈ-૧૧૩૦૨, અમદાવાદ

PAN NO. : AAATO0748F

ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ મુજબ
તા. ૩૧-૩-૨૦૨૬ ના રોજ પૂરા થતા વર્ષનો ઉપજ-ખર્ચનો હિસાબ

જમા			ઉધાર		
વ્યાજ આવક		૨,૫૬,૬૪૮.૩૦	**વહીવટી ખર્ચ**		૬,૯૦૦.૨૦
			લોકર ભાડું	૧,૫૦૦.૦૦	
			એકાઉન્ટન્ટ ફી (A/C)	૨,૦૦૦.૦૦	
ફિક્સ ડીપોઝીટ	૨,૪૯,૭૩૪.૧૫		ઓડીટ ફી (C/A)	૩,૦૦૦.૦૦	
સોશીયલ બેન્ક એફ.ડી. વ્યાજ	૯૨૩.૦૦		બેંક ચાર્જીસ	૪૦૦.૨૦	
સેવીંગ ડીપોઝીટ	૪,૭૨૬.૧૫		**ટ્રસ્ટનો હેતુ અંગેનો ખર્ચ**		૧,૯૮,૭૦૭.૦૦
ઈન્કમટેક્સ રીફંડ વ્યાજ	૧,૨૬૫.૦૦		જાહેરાત ખર્ચ	૩,૭૮૦.૦૦	
			ઈનામ ખર્ચ	૧૩,૩૯૫.૦૦	
અન્ય આવક		૧,૬૮,૩૨૪.૦૦	મૃત્યુ સહાય	૧૨,૦૦૦.૦૦	
ડોનેશન આવક	૧,૩૯,૩૨૩.૦૦		એજ્યુકેશન ખર્ચ (નોટબુક)	૩૬,૦૦૦.૦૦	
જાહેરાત આવક	૨૧,૫૦૦.૦૦		વિધવા સહાય	૧૫,૦૦૦.૦૦	
મૃત્યુ સહાય	૭,૫૦૧.૦૦		હોલ ભાડું	૧૮,૩૯૬.૦૦	
અન્ય આવક (ટી.ડી.એસ.)	---		જમણવાર	૪૩,૦૦૦.૦૦	
			ડેકોરેશન (મંડપ)	૧૮,૦૦૦.૦૦	
			ચેરેટી ફી	૪,૨૩૬.૦૦	
			સ્કોલરશીપ	૮,૦૦૦.૦૦	
			વેબસાઈટ એક્સ.	૨,૦૦૦.૦૦	
			બુક પ્રિન્ટીંગ (સોવીનીયર)	૧૭,૫૦૦.૦૦	
			પરચુરણ ખર્ચ	૭,૪૦૦.૦૦	
			વધારો સરવૈયામાં લઈ ગયા		૨,૧૯,૩૬૫.૧૦
	કુલ	૪,૨૪,૯૭૨.૩૦		**કુલ**	૪,૨૪,૯૭૨.૩૦

ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ મુજબ
તા. ૩૧-૩-૨૦૨૬ ના રોજનું સરવૈયું

જમા			ઉધાર		
ફંડ અને જવાબદારી		૧૧,૫૮,૨૩૨.૦૦	**રોકાણો**		૩૬,૯૭,૭૦૫.૮૬
ટ્રસ્ટ ફંડ ખાતે	૧,૦૦૦.૦૦		બેંક ઓફ ઈન્ડિયા એફ.ડી.	૩૬,૮૪,૩૦૫.૮૬	
કોરપસ ફંડ ખાતે	૧૧,૫૭,૨૩૨.૦૦		ધી સોશ્યલ કો.ઓ. એફ.ડી.	૧૩,૪૦૦.૦૦	
મૃત્યુ સહાય ફંડ		૮૦,૦૪૨.૦૦			
ગઈ સાલની બાકી	૮૦,૦૪૨.૦૦		**બેંક બેલેન્સ**		૧,૧૧,૯૦૫.૧૩
			બેંક ઓફ ઈન્ડિયા S/B	૧,૦૮,૯૭૪.૧૩	
			ધી સોશ્યલ કો.ઓ. S/B (લોકર)	૨,૯૩૧.૦૦	
ઉપજ ખર્ચ ખાતે		૨૫,૯૬,૧૬૨.૫૦			
ગઈ સાલની બાકી	૨૩,૭૬,૭૯૭.૪૦		**હાથ ઉપર સિલક**		૩૨૪.૫૧
ચાલુ વર્ષનો વધારો	૨,૧૯,૩૬૫.૧૦		ટી.ડી.એસ.		૨૪,૫૦૧.૦૦
કુલ		૩૮,૩૪,૪૩૬.૫૦	**કુલ**		૩૮,૩૪,૪૩૬.૫૦

આ સાથે અમારા ઓડીટ રીપોર્ટ મુજબ તા. ૦૬-૦૭-૨૦૨૬

ઓરાણ તીરમીઝી સૈયદ ટ્રસ્ટ

ફોર, **એમ. એમ. મનસુરી એન્ડ કું.** ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, અમદાવાદ.

(એમ. એમ. મનસુરી)	(શરાફતહુસેન એફ. સૈયદ)	(ફઈમ એન. તીરમીઝી)	(મોહંમદ શોએબ મૈયોદ્દીન તીરમીઝી)
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ	ચેરમેન	સેક્રેટરી	ટ્રેઝરર

તરસ છે એટલે જિંદગી સરસ છે, નહીંતર તો કેલ્કયુલેટર પર ગણેલા વરસ છે.

એમ. એમ. મનસુરી એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ,
સેલર, મનસુર મંઝીલ, આશ્રમ રોડ, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોન : ૨૬૫૮૫૭૪૩

ઓડીટ રીપોર્ટ

બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ ની કલમ ૩૩,૩૪ તથા કાનુન ૧૯

મુજબ સાર્વજનિક ટ્રસ્ટનું નામ :- ઓરાણ તીરમીઝી સૈયદ ટ્રસ્ટ
સરનામું :- તીરમીઝી બિલ્ડીંગ, ખમાસા ગેટ, અમદાવાદ.
રજી. નંબર :- ઈ - ૧૧૩૦૨, અમદાવાદ
હીસાબી વર્ષે :- ૩૧-૩-૨૦૨૬

પ્રતિ,
મે. ચેરીટી કમીશનર શ્રી,
અમદાવાદ.

અમો સદરહુ ટ્રસ્ટના ૩૧-૩-૨૦૨૬ ના પુરા થતા વર્ષના હિસાબો તપાસ્યા છે અને તેનો અમારો ઓડીટ રીપોર્ટ આ સાથે નીચે મુજબ છે.

(૧) ટ્રસ્ટના હિસાબો ટ્રસ્ટ એક્ટ અને નિયમાનુસાર રાખવામાં આવ્યા છે.
(૨) ટ્રસ્ટના આવક અને ખર્ચના હિસાબો યોગ્ય અને સાચી રીતે રાખવામાં આવ્યા છે.
(૩) ઓડીટની તારીખે ટ્રસ્ટના હાથમાં જે રોકડ સીલક-વાઉચર હતા તે હિસાબ સાથે મળતાં આવ્યા છે.
(૪) અમોને જરૂરી એવા સઘળા ચોપડા, વાઉચર, પહોંચો તથા અન્ય અમારા સમક્ષ રજુ કરેલ છે.
(૫) ટ્રસ્ટની સ્થાવર જંગમ મીલકત નથી, તેથી કોઈ યાદી ઉપલબ્ધ નથી.
(૬) ઓડીટ સમયે ટ્રસ્ટી હાજર રહી જોઈતી તમામ માહિતી ખુલાસા યોગ્ય રીતે સંતોષકારક આપ્યા છે.
(૭) ટ્રસ્ટની મીલકતનો ફંડનો ઉપયોગ હેતુઓ માટે થયો છે તે સીવાય બીજો કોઈ હેતુ માટે થયો નથી.
(૮) એક વર્ષની મુદ્દલનું કોઈ લેણું નથી, તથા વર્ષ દરમ્યાન માંડવાળ કરેલ નથી.
(૯) રૂા. ૫,૦૦૦ થી વધુ રકમના મરામત બાંધકામ અંગેના ટેન્ડર મંગાવેલા નથી કારણકે ચાલુ સાલે આવા કોઈ જ કાર્ય થયેલા નથી.
(૧૦) ટ્રસ્ટના નાણાં કલમ ૩૫ના ઠરાવો વિરુધ્ધ રોકાયેલા નથી.
(૧૧) અમારી જાણ મુજબ ટ્રસ્ટની સ્થાવર જંગમ મીલકત કલમ ૩૬ના ઠરાવો વિરુધ્ધ બીજાને નામે કરી આપેલ નથી.
(૧૨) ટ્રસ્ટના સેવીંગ્સ ખાતામાં વધુ રકમ રાખેલ છે તે બેંક ફીક્સ ડીપોઝીટમાં રાખવા સુચન છે.

એમ. એમ. મનસુરી એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ,
પ્રોપ્રાઈટર

સ્થળ : અમદાવાદ
તા. ૦૬-૦૭-૨૦૨૬

જે માણસ ખોટું ખોટું હસતો નહિ હોય તે જ માણસ સાચું રડી શકે.

Customer Type : Normal
PAN : AAATO0748F
M/S. ORAN TIRMIZI SAIYED TRUST
TIRMIZI BLDG OPP KHAMASA GATJAMALPUR ROAD
AHMEDABAD
AHMEDABAD, GUJARAT

Repayable To : SELF

Branch : JAMALPUR
Date : 19-04-2026
Customer ID:00548787
Account No :202145110008090
Deposit Type :DBD
TOTAL INTEREST: 428060
MIC/QIC INT. : 0
Nomination Regd : Yes

જમા પુષ્ટિકરણ / નવીકરણ સુચના
जमा पुष्टिकरण / नवीकरण सूचना
DEPOSIT CONFIRMATION / RENEWAL ADVICE

Deposit Date	Deposit Period (MM/DD)	Rate (%)	Deposit Amount INR	Maturity Date	Maturity Amount INR
20-10-2024	24/0	6.80	2964955.00	20-10-2026	3393015.00

INR Twenty Nine Lakh Sixty Four Thousand Nine Hundred Fifty Five Only

In the names of :
ORAN TIRMIZI SAIYED TRUST

For Bank of India

Authorised Signatories

Maturity Value is subject to change on account of payment of Tax Deducted at Source(TDS) ,wherever applicable.
**Penalty clause is applicable for premature withdrawal of deposit.
THANK YOU FOR YOUR CONTINUED PATRONAGE WITH OUR BANK

प्रधान कार्यालय : स्टार हाउस, सी-5, 'जी' ब्लोक, बांद्रा-कुर्ला संकुल, बांद्रा (पूर्व), मुंबई - 400 051. फोन : 022 - 6668 4444
HEAD OFFICE : Star House, C-5, "G" Block, Bandra-Kurla Complex, Bandra (East), Mumbai - 400 051. Phone : 022 - 6668 4444

Customer Type : Normal
PAN : AAATO0748F
M/S. ORAN TIRMIZI SAIYED TRUST
TIRMIZI BLDG OPP KHAMASA GATJAMALPUR ROAD
AHMEDABAD
AHMEDABAD, GUJARAT

Repayable To : SELF

Branch : JAMALPUR
Date : 08-07-2026
Customer ID:00548787
Account No :202145110011999
Deposit Type :DBD
TOTAL INTEREST: 36631
MIC/QIC INT. : 0
Nomination Regd : No

જમા પુષ્ટિકરણ / નવીકરણ સુચના
जमा पुष्टिकरण / नवीकरण सूचना
DEPOSIT CONFIRMATION / RENEWAL ADVICE

Deposit Date	Deposit Period (MM/DD)	Rate (%)	Deposit Amount INR	Maturity Date	Maturity Amount INR
08-07-2026	12/0	6.50	550000.00	08-07-2027	586631.00

INR Five Lakh Fifty Thousand Only

In the names of :
ORAN TIRMIZI SAIYED TRUST

For Bank of India


Authorised Signatories

Maturity Value is subject to change on account of payment of Tax Deducted at Source(TDS) ,wherever applicable.
**Penalty clause is applicable for premature withdrawal of deposit.
THANK YOU FOR YOUR CONTINUED PATRONAGE WITH OUR BANK

प्रधान कार्यालय : स्टार हाउस, सी-5, 'जी' ब्लोक, बांद्रा-कुर्ला संकुल, बांद्रा (पूर्व), मुंबई - 400 051. फोन : 022 - 6668 4444
HEAD OFFICE : Star House, C-5, "G" Block, Bandra-Kurla Complex, Bandra (East), Mumbai - 400 051. Phone : 022 - 6668 4444

કસરતથી જે લાભ શરીરને મળે છે તે જ લાભ પુસ્તકમાં વાંચનથી મગજને મળ છે.

જનાબ શરાફતહુસેન એફ. સૈયદ



“ પ્રમુખના બે બોલ ”

અસ્સલામુ અલયકુમ વરહમતુલ્લાહિ વ બરકાતહુ

આથી સમસ્ત તીરમીઝી, સૈયદ, કાદરી, મુખ્યત્વે અમદાવાદ, ઓરાણ અને ગાંધીનગર તથા અન્ય જગ્યાએ દેશ-વિદેશ માં રહેતા તમામ મુસ્લિમ બિરાદરો તથા વડિલોને જણાવવાનું કે, ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી સમાજના ઉત્થાન, પ્રગતિ તથા સહકાર માટે આપ તમામના કિમતી સહયોગથી ટ્રસ્ટ દ્વારા એજ્યુકેશન ખર્ચ, સ્કોલરશિપ, મૃત્યુ સહાય, વિધવા સહાય તથા મરણ પ્રસંગે સમાજને મેસેજ કરવા અને તમામ સભ્યોના ટેલિફોન નંબર સાથેનો વાર્ષિક એહવાલ પ્રસિદ્ધ કરવો વગેરે કામગીરી કરવામાં આવી રહેલ છે.

અમદાવાદના મેમણ સમાજ, મનસુરી સમાજ, મુસ્લિમ પટેલ સમાજ અને જુદા જુદા સૈયદોના ના ટ્રસ્ટો ચાલે છે તેઓ પોતાના ટ્રસ્ટના તમામ સભ્યો પોતાની આવક માંથી જકાત, લીલ્લાાહ સિવાય ૨% વાર્ષિક આવક ના પોતાના સમાજ અને ટ્રસ્ટ માટે વાપરે છે તેમની સામે ઓરાણ ગામના મુળ રહેવાસી અને હાલ અમદાવાદમાં આબાદ થયેલા આપણા સમાજના નવ જુવાનો અને વડિલો ખુબ સારી રીતે સેટલ થયેલા છે તો તેઓ પોતાની વાર્ષિક આવકના ૧% આપણા ટ્રસ્ટના ઉત્થાન માટે આપે તો દર વર્ષે ડોનેશન લેવા માટે અન્ય સમાજના પ્રતિષ્ઠિત માણસે પાસે ડોનેશન માંગવા દર વર્ષે લેવા જવું ન પડે જેથી ઓરાણ ગામના તમામ મુસ્લિમ વિરાદરો અને વડિલો પોતાની વાર્ષિક આવકના ૧% આ ટ્રસ્ટમાં આપે તેવી આગ્રભરી વિનંતી છે

ટ્રસ્ટએ ૨૫ વર્ષ પુરા કરેલ હોય ચાલુ વર્ષે સિલ્વર જ્યુબિલી વર્ષની ઉજવણી કરવાની છે જેથી તમામ સભ્યોને / વડીલોને આપણા તીરમીઝી ટ્રસ્ટનો ભંડોળ ૧ કોરડ રૂપિયા થાય તેના માટે ટ્રસ્ટના તમામ સભ્યો / વડિલોને નમ્ર અપીલ છે કે દિલ ખોલીને ટ્રેસ્ટને અચુક દાન આપે અને સમાજના ઉત્થાનમાં સહભાગી બનવા અપીલ છે. અને આ ટ્રસ્ટના સભ્યો, હોદ્દેદારો અને ટ્રસ્ટીઓ અને મોભીઓએ અન્ય લોકો પાસે ડેનેશન લેવા માટે શરમિંદી ન થાય તે જોવા વિનંતી છે.

વધુમાં જણાવવાનું કે ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો તથા તમામ મેમ્બરો જેણે દામે, દીરમે, સુકુને ટ્રસ્ટની મદદ કરેલ છે તથા દર વર્ષે ડોનેશન આપી તથા જાહેરાતો આપી ટ્રસ્ટની આર્થીક સહાય કરેલ છે તેવા તમામ નામી, અનામી વ્યક્તિઓનો દિલથી આભાર માનુ છુ.

તેમજ આ ટ્રસ્ટના તમામ મેમ્બરો ટ્રસ્ટીઓ કારોબારી ના સભ્યો અને આ ટ્રસ્ટને પગભર થવા માટે ખુબ મહેનત કરી ડોનેસન મેળવી જાહેરાતો મેળવી પોતાના રોજીન્દા કામો માંથી પોતાનો અમુલ્ય સમય આપી ટ્રસ્ટ માટે સારૂં ભંડોળ મેળવવા માટે જે દિલોજાનથી મહેનત કરી પ્રયત્નો કરેલ છે તે તમામ નો તહેદિલથી આભાર માનું છું.

ફરી એકવાર આપ તમામના ટ્રસ્ટની યથા યોગ્ય મદદ કરવા નમ્ર અપીલ કરુ છુ.

પ્રમુખ
હાજી શરાફતહુસેન એફ. સૈયદ
ઓરાણ તીરમીઝી સૈયદ ટ્રસ્ટ, અમદાવાદ.

ઘડિયાળની ટીકટીક એકધારી લાગવા માંડે ત્યારે સમજવું કે, તમારી પાસે સમય જ સમય છે.

ઓરાણ તીરમીઝી સૈયદ ટ્રસ્ટ, અમદાવાદ.



સેક્રટરીનો અહેવાલ

ના હમસફર ના કીસી હમનસી સે નીકલેગા, હમારે પાવ કા કાંટા હમ હી સે નીકલેગા,
વતનકી રેત મુઝે એડીયાં રગડને દે અપની, મુઝે યકીન હૈ પાની યહીં સે નીકલેગા.

વમા તૌફીકી ઈલ્લા બિલ્લાહી...
અનુવાદ : ઔર હમે જો કુછ તૌફીક હોતી હૈ સિર્ફ અલ્લાહ કી મદદ સે હોતી હૈ....(અલ-કુર્આન : સૂરે હુદ : ૮૮)

મારી વાતની શરૂઆત જાણીતા સૂફી શેખ સાદી (રહે.) ના એક ફરમાન થી કરૂ છું એમણે ફરમાવ્યુ
કિસી કો અચ્છે અમલ સે દિલ કી ખુશી દેના, સેકડો સજદે કરને સે બહેતર હૈ.

ચાલુ વર્ષે કે જ્યારે આપણે સિલ્વર જ્યુબલી વર્ષ ઉજવી રહ્યા છીએ, વર્ષ નો એહવાલ રજુ કરતાં અલ્લાહ કરીમ ની અપાર કરીમી અને રહીમી નો શુક્ર અદા કરૂં છુ. આ વર્ષ પણ આપને સૌ જાણો છો તમે રાબેતા મુજબના કાર્યક્રમો જેવા કે ઈનામ વિતરણ, નોટબુક-ચોપડીઓ વિતરણ વિધવા સહાય, મુત્યુ સહાય, સ્કોલરશીપ વિગેરે ભંડોળની મર્યાદામાં અર્ચ કરી સહાય આપવામાં આવી. જે બદલ આપ સૌને અને ટ્રસ્ટના હોદેદારો અને કારોબારી સભ્યો કે જેમણે દરેક કાર્યને સફળ બનાવવામાં મહેનત કરી છે, તેમનો તહેદિલથી શુક્રીયા અદા કરુ છું, હોદેદારો અને કારોબારી સભ્યો કે જેમણે દરેક કાર્યને સફળ બનાવવામાં મહેનત કરી છે, તેમનો તહેદિલથી શુક્રીયાઅદા કરુ છું, અને
અલ્લાહ તેમને તેનો બહેતરીન બદલો આપે તેવી દુઆ. (ખિદમતે ખલ્ક બેહતરીન ઈબાદત હૈ)

લીલ્લાહ રકમ-ડોનેશન દ્વારા આપ સૌએ અમને સહકાર આપી સમાજ સેવા કરવા પ્રેરકબળ પુરૂ પાડી અમને પ્રોત્સાહન આપ્યુ તે બદલ આપ સૌને ખુબ ખુબ આભાર માનું છુ. આપે અલ્લાહ માટે ખર્ચ કર્યો પરવરદિગાર આપ સૌને નેકી ના જસ્બા નો બહેતરીન અજર આપે.

સને **૨૦૨૫-૨૬** ના વર્ષમાં ટ્રસ્ટના હેતુઓ

- જાહેરાત ખર્ચ	૩,૭૮૦.૦૦
- ઈનામ ખર્ચ	૧૩,૩૯૫.૦૦
- મૃત્યુ સહાય	૧૨,૦૦૦.૦૦
- એજ્યુકેશન ખર્ચ (નોટબુક)	૩૬,૦૦૦.૦૦
- વિધવા સહાય	૧૫,૦૦૦.૦૦
- હોલ ભાડું	૧૮,૩૯૬.૦૦
- સભારંભ	૪૩,૦૦૦.૦૦
- ડેકોરેશન (મંડપ)	૧૮,૦૦૦.૦૦
- ચેરેટી ફી	૪,૨૩૬.૦૦
- સ્કોલસશીપ	૮,૦૦૦.૦૦
- વેબસાઈટ એક્સ.	૨,૦૦૦.૦૦
બુક પ્રિન્ટીંગ (સોવીનીયર)	૧૭,૫૦૦.૦૦
- પરચુરણ ખર્ચ	૭,૪૦૦.૦૦
- કુલ ખર્ચ	૧,૯૮,૭૦૭.૦૦

ટ્રસ્ટને મળેલ અત્યાર સુધીના ડોનેશનમાંથી વાર્ષિક ખર્ચ બાદ કરતા કુલ રૂા. ૩૯,૭૯,૬૪૬ ની ફીકક્ષ ડીપોઝીટ બેંકમા મુકેલ છે.

ઘડિયાળની ટીકટીક એકધારી લાગવા માંડે ત્યારે સમજવું કે, તમારી પાસે સમય જ સમય છે.

આ પ્રસંગે પાક પરવરદિગાર ની ખૂબ ના શુકી ગણાશે જો હું આપણી આ મહેફિલ માં ઉપસ્થિત ત્રણ વિશેષ મહેમાનોનો ઉલ્લેખ ન કરૂં. આજે આપણી વચ્ચે બે ખૂબજ પ્રેરણાદાયક અને ઉમદા, ગર્વની લાગણી થાય તેવા ત્રણ અતિથિઓ હાજર છે. ગાલિબ ના શબ્દોમાં

મુશ્કિલ કુછ નહીં હૈ દુનિયા મેં, તુ ઝરા હિમ્મત તો કર,
ખ્વાબ બદલેંગે હકીકત મેં, તુ ઝરા કોશિશ તો કર.

જનાબ ડૉ. અમીરૂદ્દીન એમ. કાદરી (એમ.બી.બી.એસ) કરી ચૂક્યા છે. સમાજમાં ગરીબ બાળકોને સ્કોલરશિપ આપી બાળકોને ભણાવે છે. સમાજ માટે નિઃસ્વાર્થ ભાવે સેવા આપે છે.

આપણી ખુશનસીબી છે કે ડૉ. અમીરૂદ્દીન એમ. કાદરી સાહેબ આપણી વચ્ચે ઉપસ્થિત રહ્યા છે. ડૉ. અમીરૂદ્દીન એમ. કાદરી સાહેબ નું હ્રદયપૂર્વક આભાર માનું છું.

આપણી સમક્ષ બીજા આપણા વિશેષ મહેમાન મોહંમદ સોહીલ મૈયોદ્દીન તીરમીઝી આપણી સમક્ષ મોજૂદ છે સુવર્ણની જેમ પોતાની જાત, મહેનત, અથાગ પરિશ્રમ અને ઈમાનદારી થી સમાજમાં પોતાનો સ્થાન બનાવ્યુ છે. આવીજ હસ્તી મોહંમદ સોહીલ મૈયોદ્દીન તીરમીઝી બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધારવા, તેમનો ઉત્થાન અને વિશેષ તેમને પગભર થવામાં મદદરૂપ જેવી પ્રવૃત્તિઓમાં કાર્યરત રહે છે.

આપણી ખુશનસીબી છે કે મોહંમદ સોહીલ મૈયોદ્દીન તીરમીઝી આપણી વચ્ચે ઉપસ્થિત રહ્યા છે. મોહંમદ સોહીલ મૈયોદ્દીન તીરમીઝી નું હ્રદયપૂર્વક આભાર માનું છું.

આપણી ખુશનસીબી છે કે દેસાઈ હીરાભાઈ રામાભાઈ આપણી વચ્ચે ઉપસ્થિત રહ્યા છે. દેસાઈ હીરાભાઈ રામાભાઈ નુ હ્રદયપુર્વક આભાર માનું છું.

વ્હાલા યુવાન બીરાદરો નૌસાદભાઈ એસ. તિરમીઝી, શોએબ મૈયુદ્દીન તીરમીઝી, મૌહસીન મુસ્તાકહુસૈન તીરમીઝી, જહાગીર બુનિયાદઅલી સૈયદ, રશીદએહમદ એન. તીરમીઝી અને તોહીદ એહમદઅલી સૈયદ સાહબ, માહિર એ મ. તીરમીઝી, મકસુદભાઈ એ. તીરમીઝી અને મારૂફભાઈ એમ. તીરમીઝી, સાહબ આ ટ્રસ્ટના કાર્યક્રમ ને સફળ બનાવવા ખુબ મહેનત કરી છે એ બદલ દિલથી ખુબ ખુબ આભાર માનું છુ.

<u>ટ્રસ્ટના ભાવિ આયોજન તરીકે :-</u>

- ઓરાણ તિરમિઝી સૈયદ ટ્રસ્ટીની વેબસાઈટ બનાવવી છે. www.orantirmizisaiyedtrust.in ની મુલાકાત લેવી.
- પ્લોટ ખરીદી વિશાળ પાર્કીંગ સાથે મલ્ટી-પરપઝ કોમ્યુનીટી સેન્ટર બનાવવું જેમાં નીચેની સુવિધાઓ
  - ● મેરેજ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો માટે વિશાળ હોલ ● બહેનો માટે વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર
  - ● અત્યાધુનિક સુવિધા સાથે ગેસ્ટ હાઉસનું આયોજન ● ગર્લ્સ હોસ્ટેલ
  - ● લાઈબ્રેરી સહિત એજ્યુકેશનલ ટ્રેનિંગ સેન્ટર ● ટ્રેડ શો માટે નાનો હોલ કમ કોન્ફરન્સ રૂમ
- તેજસ્વી વિધાર્થીઓને સફળ કારકીર્દી માટે માર્ગદર્શન આપવા સેમીનાર યોજવાનું તથા સખી દાતાઓ આગળ આવી તેજસ્વી વિર્ધાથીઓને દત્તક લે તે માટે પ્રોત્સાહન પુરૂ પાડવાનું આયોજન છે.

મરણના મેસેજ બાબતે :-

આપ સૌ જાણો છો તેમ હાલમાં સમાજના કોઈપણ વ્યક્તિનું મૃત્યુ થાય તો ઓરણ તીરમીઝી ટ્રસ્ટ-૧ના વ્હોટસએપ દ્વારા મેસેજ કરી જાણ કરવામાં આવે છે, જેથી સમાજના કોઈને ત્યાં પણ મરણ થાય તો તાકીદે ટ્રસ્ટની ઓફિસે **સેક્રેટરી શ્રી ફઈમ એન. તીરમીઝી મો. ૯૮૨૫૦ ૭૧૨૦૪, મોહસીન એમ. તીરમીઝી મો. ૯૯૦૪૬ ૧૬૬૮૬ અને મોહંમદ શોએબ એમ. તીરમીઝી મો. ૯૭૧૪૩ ૮૨૮૨૬** નો અથવા મૃત્યુ સહાય કમિટીના કોઈ પણ મેમ્બરસનો સંપર્ક મોત-મૈયતના દફન સમયના ઓછામાં ઓછા ચાર કલાક પહેલા કરવો.ઘણી વખત મર્હુમની ફેમેલી તરફથી અમોને મોડી જાણ કરવાથી મેસેજ આપવામાં મોડું થાય છીએ, અને જેનુ પણ મરણ થાય છે તીમની વિગત ટાઈપ કરીને ઉપર આપેલ ત્રણ નંબર ઉપર સેન્ડ કરવામાં આવે તેજ વિગત તમેએ આપેલી છે તે ઓરાણ સૈયદ ટ્રસ્ટમાં સેન્ડ કરવામાં આવશે. બીજું એ કે મેસેજમાં જે સમય આપો તે સમયે જ મૈયત ઉપાડવી, તથા મૈયતમાં અચુક હાજરી આપવા કોશિશ કરવા વિનંતી.
ખાસ નોંધ : મરણના મેસેજ મેળવવા આગ્રહ રાખો છો તે ખૂબ જ સારી વાત છે, પરંતુ મૈયતમાં હાજરી આપવી તે પણ એટલુંજ જરૂરી છે. માટે મૈયતમાં અચૂક હાજરી આપો તો મેસેજ સાર્થક થયો કહેવાય

મોબાઈલ નંબર બદલાયેલ હોય તો તે અપડેટ કરાવી લેવા વિનંતી જેથી મેસેજ મળી શકે.

ગુસ્લ ના સંપર્ક માટે ના મોબાઈલ નંબર :-
અમદાવાદ માટે : (મર્દ માટે : સાબીર સૈયદ : **99049 35206**)
(ઔરત માટે : બાનુબીબી સૈયદ : **94087 28094**)
(મૈયત માટે નુ તમામ સામાન પણ મળશે.)

ઓરાણ માટે : (મર્દ માટે : મૌલાના સાહબ : **810 786 9267**)

GENUINE HELP FOUNDATION - ગુસલ વાન - મો. ૯૮૯૮ ૭૮૬ ૭૮૦ **(Free Services)**

એમ્બ્યુલન્સ વ્યવસ્થા માટે જનાબ મો. અસફાક મો. ઈકબાલ ચિશ્તી **9723027333** ઉપર કોન્ટેક કરવા વિનંતી.

વ્હાલા યુવાન બિરાદરોને મારી ટ્રસ્ટના દરેક સભ્યો વતી પૂરખૂલુશ અપીલ કરાવની કે સેકન્ડ લાઈન લીડરશીપ માટે સમાજનાં નવયુવાનોએ આગળ આવવાની તાતી જરૂર છે. માટે સમાજને તમે તમારા તરફથી આગળ વધીને સમાજ અને ટ્રસ્ટની પ્રવૃત્તીઓથી પહેલા તે માહિતગાર બનો એવી અમારી સૌની દીલી ઈચ્છા છે. મોટે ભાગે બીજા સમાજ આગળ વધે છે અને આપણાથી ધીમી ગતિએ કેમ ચલાય છે તે કારણ જાણવા અને તેનું નિરાકરણ કરી સહકાર આપી આગળ વધવુ સમયની માંગ છે.

આપણા વડવાઓ જેમણે ટ્રસ્ટની સ્થાપના કરી છે તેઓએ સમાજની એકતા પ્રત્યેની લાગણીને વધુ ને વધુ બળ મળે, તીરમીઝી સૈયદ કાદરી સમાજનાં દરેક બાળકો ભણે-ગણે જેથી સમાજનું કલ્યાણ થાય તેના માટે તેઓએ મહેનત કરી છે. હવે તેમની ઈચ્છાઓને પાર પાડવા સમાજનું નેતૃત્વ કરવા માટે અને નવયુવાનોને આગળ આપવા માટે આમંત્રિત કરીએ છીએ. અંતમાં જણાવવાનું કે અમારાથી કોઈ ભૂલચૂક થઈ હોય, કોઈનું દિલ દુભાયુ હોય તો અમને તેના માટે માફ કરશો.

મંઝિલ સે આગે બઢ કર, મંઝિલ તલાશ કર,
મિલ જાએ તુઝકો દરિયા, તો સમંદર તલાસ કર.

આપનો દુઆગીર
(ફઈમ એન. તિરમીઝી, સેક્રેટરી)

કામ કરો ઐસા કે પહેચાન બન જાએ, હર કદમ ચલોતો ઉસકે નિશાન બન જાએ,
ઝિંદગી તો સબ જીતે હૈ, અગર જીની હૈ તો એસે કે મિસાલ બન જાએ

દુઃખ આવે ત્યારે આનંદમાં રહો અને સુખ આવે ત્યારે આનંદ ને કાબૂમાં કાખો.

(સ્થાપના : ૧૯૯૭)


ઓરાણ તીરમીઝી સૈયદ ટ્રસ્ટ

સને ૨૦૨૫/૨૬ નો પચીસમો વાર્ષિક સમારંભ

તારીખ : ૧૮-૧૦-૨૦૨૬, રવિવાર, સાંજે ૫:૦૦ કલાકે સ્વ. નરોત્તમ ઝવેરી હોલ, પાલડી, અમદાવાદ.

• SCHOLARSHIP •

1)	Eram Varis Hussain Saiyed	C.A (Foundation)
2)	Shanaan Shakil Ahmed Saiyed	B.Tech Sem-4
3)	Nooraksha M. Trimizi	B.Ed Sem-4
4)	Salomibegam Javed Ali Saiyad	B.Com Sem-4
5)	Anique Hidayatullah Saiyed	B.A Sem-5
6)	Namirabanu Mohammad Shareef Saiyed	B.A Sem-1
7)	MantshaAktar Imdadali Tirmiji	B.A Sem-1
8)	Hasnainali Imdadali Tirmiji	B.A Sem-1


स्थाई लेखा संख्या /PERMANENT ACCOUNT NUMBER
AAATO0748F
नाम /NAME
ORAN TIRMIZI SAIYED TRUST
निगमन/बनने की तिथि /DATE OF INCORPORATION/FORMATION
01-04-2002
आयकर आयुक्त (क.अ.), अहमदाबाद
Commissioner of Income-tax(Computer Operations)

Darpan ID :

GJ/2025/0757313

ONLINE PAYMENT ACCEPTABLE
ORAN TIRMIZI SAIYED TRUST

Bank : Bank of India Branch : JAMALPUR
A/c. No.: 202110100027848 IFSC Code: BKID0002021
MICR : 380013013

(G.Pay) (Phone Pay) Available

The People who live in fear of disease are the people who get it.

ઓરાણ તીરમીઝી સૈયદ ટ્રસ્ટ (સ્થાપના : ૧૯૯૭)

સને ૨૦૨૫/૨૬ નો પચીસમો વાર્ષિક સમારંભ

• PRIZE LIST 2026 •

1)	Aamirhusen Nasirhusen Tirmiji Saiyed	MD (Rosalinad Framkil Uiversity of Medicine & Science Chicago, (USA)
2)	Muskan Maksudali Saiyed	M.Com Cgpa 6.27
3)	Shagufta Iktiyarali Saiyed	M.Com Cgpa 4.38
4)	Sarim Juned Kadri	B. Tech Cgpa 7.8
5)	Aesha Anishahmed Kadri	B.Sc in Biomedical Science (Middlesex University Upper Second Class Honours)
6)	Ashmabegum Ashfakhusain	B.Sc Cgpa 6.86
7)	Naushin SafikAhmed Tirmizi	B.Ed Cgpa 8.14
8)	Mohammed Sohil Shahnawaz Saiyed	BCA Cgpa 7.5
9)	Namira Parvej Kadri	B.Com Cgpa 8.74
10)	Samihabanu Sakil Saiyed	B.Com Cgpa 6.11
11)	Aafiya Maksudali Saiyed	Diploma IT (Information Technology) Cgpa 8.70
12)	Zoya Fatema Tirmizi	Physiotherapy

HSC SCIENCE (2026)

Moinuddin Mahir Tirmizi	Per.88
Soha Sohel Tirmizi	Per.75.14

HSC COMMERCE (2026)

Hananaz Moinuddin Saiyed	Per 82.13

SSC (2026)

Rida Parvez Kadri	Per. 91.16
ILSA Fatima Mohmad Abrar Saiyed	Per 89.50
Izaan Amirhasan Kadri (cbse)	Per 87

Tejasvi Tarla (HSC) 2026

Mahiya RiyazMiya Saiyed	Per 69.57
KhusnumaBanu AabidAli Saiyed	Per 66.04
Aayesha Raees Saiyed	Per 59.42
HinaKaushar IrfanAli Tirmizi	Per 49.71

Tejasvi Tarla (SSC) 2026

Zainab Gulam Mohammed Saiyed	Per 86.33
Haani fatima MohamadSakib Saiyed	Per 83.33
Zaeem Mohammed Soheb Tirmizi	Per 81.66
SaminaBanu Rifakat Ali Saiyed	Per 77.66
Alisha Mohamed Sabbir Chokwala (cbse)	Per 75.83
Bushra MohsinAli Saiyed	Per 75
Mantasha Rafikmiya Tirmizi	Per 72.66
Rifat Fatema AkhlakHusen Saiyed	Per 72.50
Shiza Fatema MohammedAsad Kadri	Per 70.83
Aqsafatema Amzadali Sayed (cbse)	Per 67
SimranBanu TahirHusen Saiyed	Per 53.33
Shehbaakhtar Sahidhasan Saiyed	Per 49.83

HSC (Oran) 2026

Zala Nimishaba Mangalsinh (Boriya)	82.00%
Rathod Rinkuba Bharatsinh (Boriya)	77.14%
Rathod Jinalba Kanusinh (Boriya)	76.00%

SSC (Oran) 2026

Rathod Anitaba laxmansinh (Sitvada)	85.17&
Rathod Veerpalsinh Balvantsinh (Boriya)	83.83%
Rathod Aaryansinh Sardarsinh (Boriya)	80.67%

Khatme Quran (Ahmedabad)

Filza Tausif Tirmizi
Alinabanu SakilAhmed Tirmizi

Khatme Quran (Oran)

Saiyed Yamin RifakatAli
Shaikh Arkan Imtiyaz Miya
Shaikh Juber Shafikmiya

જમણવાર માટે મળેલ રોકડ રકમ ૨૦૨૫-૨૬

૧.	નઈમ સીરાજુદ્દીન તીરમીઝી	૩૦૦૦/-
૨.	મર્હુમ કાદરી રફીકુદ્દીન અમીરુદ્દીન	૨૦૦૦/-
૩.	બંદે ખુદા	૨૦૦૦/-
૪.	સુહેલ મોહયુદ્દીન તીરમીઝી	૨૦૦૦/-
૫.	મુસ્તાક એહમદ કાદરી	૨૦૦૦/-
૬.	શરાફતહુસેન એફ. સૈયદ	૨૦૦૦/-
૭.	ઈલ્યાસ મુસ્તાકહુસેન તીરમીઝી	૨૦૦૦/-
૮.	મોહંમદ ઈરફાન મોહંમદ જાહીદ કાદરી	૧૫૦૦/-
૯.	નિસાર હુસેન એસ. તીરમીઝી	૧૫૦૦/-
૧૦.	ઈન્તેખાબઆલમ એમ. તીરમીઝી	૧૫૦૦/-
૧૧.	જુનેદ આર. કાદરી	૧૧૦૦/-
૧૨.	મર્હુમ બુનીયાદઅલી એન. સૈયદ	૧૦૦૦/-
૧૩.	મકસુદ અબ્દુલ્લાહમિયાં સૈયદ	૧૦૦૦/-
૧૪.	મોઈન બી. તીરમીઝી	૧૦૦૦/-
૧૫.	નીઝામુદ્દીન બી. તીરમીઝી	૧૦૦૦/-
૧૬.	અખ્તરહુસેન જલાલોદ્દીન સૈયદ	૧૦૦૦/-
૧૭.	અનીસ મૈયુદ્દીન કાદરી	૧૦૦૦/-
૧૮.	મોહંમદ ઈકબાલ એસ. તીરમીઝી	૧૦૦૦/-
૧૯.	નૌશાદહુસેન એસ. તીરમીઝી	૧૦૦૦/-
૨૦.	સમીર ફકરૂદ્દીન તીરમીઝી	૧૦૦૦/-
૨૧.	રસીદએહમદ એન. તીરમીઝી	૧૦૦૦/-
૨૨.	મો. યુનુસ એ. તીરમીઝી	૧૦૦૦/-
૨૩.	આરીફ એમ. તીરમીઝી	૧૦૦૦/-
૨૪.	સલાઉદ્દીન સીરાજમીયાં તીરમીઝી	૧૦૦૦/-
૨૫.	સાહીર એમ. તીરમીઝી	૧૦૦૦/-
૨૬.	કુત્બેઆલમ રફીયુદ્દીન તીરમીઝી	૧૦૦૦/-
૨૭.	સોરાબઅલી મહંમદઅલી તીરમીઝી	૧૦૦૦/-
૨૮.	બિસ્મીલ્લાહમિયાં એમ. તીરમીઝી	૫૦૦/-
૨૯.	જલાલુદ્દીન કે. તીરમીઝી	૫૦૦/-
૩૦.	સોહેલ મૈયુદ્દીન તીરમીઝી	૫૦૦/-
૩૧.	મોહમંદ મોહસીન મુસ્તાકહુસૈન તીરમીઝી	૫૦૦/-
૩૨.	ફઈમ એન. તીરમીઝી	૫૦૦/-
૩૩.	નિયાઝ એહમદ એન. તીરમીઝી	૫૦૦/-
૩૪.	ઈકબાલ એ. તીરમીઝી	૫૦૦/-
૩૫.	તસ્લીમ ઝહીરૂદ્દીન સૈયદ	૫૦૦/-

જમણવાર માટે મળેલ રોકડ રકમ ૨૦૨૫-૨૬

૩૬.	ગુલામએહમદ અકબરઅલી તીરમીઝી	૫૦૦/-
૩૭.	અસરફમીયાં મીરસાબમીયા તીરમીઝ	૫૦૦/-
૩૮.	મોહંમદ ફારૂકભાઈ મહીનમીયાં તીરમીઝી	૫૦૦/-
૩૯.	મુનીરોદ્દીન ગુલામઅલી તીરમીઝી	૫૦૦/-
૪૦.	જનાબ મૈયોદ્દીન નિઝામુદ્દીન સૈયદ	૫૦૦/-
૪૧.	મુનીરુદ્દીન જૈનુદ્દીન તીરીમઝી	૫૦૦/-
૪૨.	જનાબ મોહંમદ શોએબ મૈયુદ્દીન તીરમીઝી	૫૦૦/-
૪૩.	માહીરહુસેન મકબુલહુસેન તીરમીઝી	૫૦૦/-
૪૪.	સાજીદ શરીફુદ્દીન તીરમીઝી	૩૦૦/-

મર્હૂમ સલીમોદ્દીન જલાલોદ્દીન તીરમીઝી



(D.Y.S.P. - RETIRED.)

"સ્મૃતિમાં સદાય જીવંત : એક અવિસ્મરણીય વ્યક્તિત્વ"

જન્મ : ૨૯ એપ્રિલ, ૧૯૫૪ । અવસાન : ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬

"કિતને અચ્છે લોગ થે, કયા રોનકે થી ઉનકે સાથ,
જીનકી રૂખસતને હમારા શહેર સૂના કર દિયા"

કેટલા માણસો જીવનમાં આવે છે, થોડો સમય સાથે રહે છે અને પછી વિદાય લઈ લે છે : પરંતુ કેટલાક વ્યક્તિત્વો એવા હોય છે કે તેમની વિદાય પછી પણ તેમની હાજરી સતત અનુભવાતી રહે છે. તેમનું સ્મિત, તેમનો સ્વભાવ, તેમની વાત કરવાની રીત, તેમનો નિઃસ્વાર્થ પ્રેમ અને તેમણે કરેલાં સત્કાર્યો વર્ષો સુધી હૃદયમાં તાજાં રહે છે. સલીમોદ્દીન તીરમીજી (સલીમભાઈ) પણ આવું જ એક અવિસ્મરણીય અને પ્રેરણાદારી વ્યક્તિત્વ હતા.

તેમની અણધારી વિદાયથી ઓરાણ તીરમીજી સૈયદ પરિવાર, સગાં-સંબધીઓ, મિત્રો, શુભેચ્છકો અને તેમને ઓળખતા અસંખ્ય લોકોના હૃદયમાં એક એવી કમી ઉભી થઈ છે, જેને શબ્દોમાં વ્યાખ્યાયિત કરવી અશક્ય છે.

ખબર જ ન રહી ને સમય સરી ગયો, સરકતો સમય કેટલું બધુ કહી ગયો. તારીખ એ જ રહી, પણ તવારીખ બદલાઈ ગઈ, આપના વગર અમારી આખી દુનિયા જ બદલાઈ ગઈ.

સલીમભાઈનો જન્મ ૨૯ એપ્રિલ, ૧૯૫૪ના રોજ થયો હતો. શિક્ષણ પ્રત્યેની તેમની અગાધ લગન અને જીવનમાં આગણ વધવાની તીવ્ર ઈચ્છાને કારણે તેમણે સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદમાંથી ગુજરાત યુનિવર્સિટી હેઠળ અર્થશાસ્ત્ર વિષય સાથે સ્નાતકની પદવી પ્રાપ્ત કરી.

શિક્ષણ સાથે સંસ્કાર, શિસ્ત અને ઉત્તરદાયિત્વને જીવનનો આધાર બનાવનાર સલીમભાઈએ ૧૪ નવેમ્બર, ૧૯૭૭ ના રોજ પોલીસ સબ-ઈન્સ્પેક્ટર **(P.S.I.)** તરીકે ગુજરાત રાજ્ય પોલીસ વિભાગમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી. તેમણે પોતાની ફરજને હંમેશા પ્રાથમિકતા આપી. પોલીસ વિભાગમાં તેમની ૩૫ વર્ષ થી વધુ લાંબી અને ગૌરવવંત સેવા રહી. **P.S.I.** તરીકે તેમણે ચલાલા, જાફરાબાદ, ભરૂચ ગ્રામ્ય, ધંધુકા, વિરમગામ અને ચોકબજાર (સુરત) જેવા વિવિધ પોલીસ સ્ટેશનોમાં નિષ્ઠાપુર્વક કામગીરી કરી. આ ઉપરાંત પોલીસ કોમ્પ્યુટર સેન્ટર (ગાંધીનગર) **C.I.D** ઈન્ટેલિજન્સ બ્યુરો **(I.B)**, જિલ્લા **M.O.B.** તથા નશાબંધી અને આબકારી વિભાગ જેવાં અત્યંત મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સેવાઓ આપી.

૨૨ વર્ષની સફળ **P.S.I** સેવા બાદ તેમને પોલીસ ઈન્સ્પેક્ટર **(P.I)** તરીકે બઢતી મળી. મહેસાણાના અને રાજકોટ ખાતે **C.P.I.W.R.**, ગાંધીનગર **C.I.D.**, સુરત ટ્રાફિક વિભાગ, **S.O.G.**, કાપોદ્રા પોલીસ સ્ટેશન તથા અમદાવાદ સિવિલ ડિફેન્સમાં તેમની કામગીરી પ્રશંસનીય રહી. ત્યારબાદ **D.Y.S.P.** તરીકે બઢતી મેળની તેમણે રાજકોટ શહેરમાં આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ **(A.C.P. - S.C./S.T.** સેલ) તરીકે સેવા આપી.

સાડા ત્રણ કાયદા સુધી સતત નિષ્ઠા, પ્રામાણિકતા અને શિસ્તથી સેવા આપ્યા બાદ ૩૦ એપ્રિલ, ૨૦૧૨ ના રોજ તેઓ નિવૃત્ત થયા. રાજકોટથી નિવૃત્તિ સમયે ગુજરાતના પ્રથમ મહિલા **I.P.S.** અધિકારી ગીતાબેન જૌહરીએ સલીમભાઈના સન્માનમાં વિશેષ પ્રવચન આપી તેમની સેવાઓની મુક્તકંઠે પ્રશંસા કરી હતી.

સામાજિક ઉત્તરદાયિત્વ અને ઓરાણ તીરમીઝી ટ્રસ્ટ નિવૃત્તિ એ સલીમભાઈ માટે જીવનનો અંતિમ પડાવ નહોતો, પરંતુ સમાજસેવાની નવી શરૂઆત હતી. તેઓ નિવૃત્તિ પછી પણ સમાજ અને લોકો સાથે નિરંતર જોડાયેલા રહ્યા.

ઓરાણ તીરમીઝી સૈયદ ટ્રસ્ટના ચેરમેન તરીકે વિતાવેલા ૫ વર્ષ તેમના જીવનના સુવર્ણ અધ્યાય બની રહ્યા. તેમણે પારદર્શિતા, જવાબદારી અને સમાજહિતને હંમેશા ઉપરી સ્થાન આપ્યું. ટ્રસ્ટને તેમણે માનવસેવાનું માધ્યમ બનાવ્યું.

સંસ્થાના ૨૫ મી રજત જયંતીના ઐતિહાસિક અવસરે ઓરાણ તીરમીઝી સૈયદ ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓ અને કારોબારી સભ્યો સલીમભાઈની સેવાઓ, માર્ગદર્શન અને નેતૃત્વને અત્યંત આદરપૂર્વક યાદ કરે છે. આ શુભ પ્રસંગે તેમની ગેરહાજરી ટ્રસ્ટના દરેક સભ્ય માટે ઊંડા દુઃખ અને દિલસોજીની ક્ષણ છે. ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી સભ્યો તેમના પ્રત્યે ઈસાલે- સવાબ સાથે દુઆ - એ - મગફિરત ની દુવા કરે છે.

जिसकी सादगी में भी एक अदब था, वो शख्स हमारे दिल के बहुत करीब था.
उनकी यादों से महकती है हमारी महफ़िल, वो ईन्सान नहीं,
खुदा का भेजा हुआ एक फ़रिश्ता था.

- **પરિવારનું વટવૃક્ષ અને સ્નેહાળ સ્વભાવ**

સલીમભાઈનુ વ્યક્તિત્વ માત્ર સરકારી સેવા કે સામાજિક કામગીરી પૂરતું મર્યાદિત નહોતું. તેઓ સમગ્ર તીરમીજી પરિવાર માટે એક ઘટાદાર વટવૃક્ષ સમાન આશ્રયદાતા હતા. પરિવારને જોડી રાખવો, સંબંધોને જાળવવા અને સૌના સુખ-દુઃખમાં પડએ ઊભા રહેવું એ તેમનો સહજ સ્વભાવ હતો. તેઓ પોતે હસતા અને આસપાસના દરેક માનવીને હસાવતા.

“ કોઈ કહેશે બહુ પુણ્ય કમાઈને ગયા, કોઈ કહેશે બહુ સુવાસ ફેલાવીને ગયા,
કોઈ કહેશે જીવન ધન્ય બનાવીને ગયા, અમે તો તીરમીજી કુટુંબીજનો એટલું જ કહીશું,
અમારા તો સર્વસ્વ જ ગયા. ”

સલીમભાઈ સાથે વિતાવેલી સાંજો અને તેમની સાથેની વાતો આજે પણ દિલના ખુણામાં ગુંજે છે. અમારી આ યાદગાર બેઠકમાં મર્હૂમ મકબુલહુસૈન, મર્હૂમ સલાઉદ્દીન, મર્હૂમ ગુલામઅહેમદ (ચાંદમિયાં), મર્હુમ મુસ્તાકહુસેન શરાફતહુસૈન, મકસુદ ભાઈ (એમુલ ભાઈ), જલાલુદ્દીન કે. (જલ્લુભાઈ), નિઝામુદ્દીન ભાઈ, નાઝીમહુસૈન ભાઈ, બિસ્મિલ્લા ભાઈ, બડે ભાઈ (મોહમ્મદ ઈકબાલ), ઈકબાલ ભાઈ, નિશારભાઈ, નૌશાદ ભાઈ, ગુલામઅહેમદ ભાઈ, મૈયુદ્દીન સદ્રુદ્દીન ભાઈ, મૈયુદ્દીન બદરૂદ્દીન ભાઈ, ફઈમભાઈ, નિયાઝ અહેમદ ભાઈ અને સાજીદ ભાઈ સાથે મળીને ગાળેલો સમય અતિ કિંમતી હતો.

ખુશ્બુ કી ઝંજીરોં સો સિતારોં કી હદોં તક
ઝિંદગી મેં સબ કુછ હૈ, બસ એક તેરી કમી હૈ.

આજે જ્યારે આ ક્ષણો યાદ આવે છે ત્યાર આંખો ભરાઈ જાય છે. જે સાથીઓ આજે આપણી વચ્ચે નથી અને જન્નતનસીબ થાય છે એમની ખોટ હંમેશાં સાલશે, અને જે સાથે છે એમના પ્રેમભર્યા સંબંધો હંમેશાં હૃદયની સમીત રહેશે.

જિંદગીની દોરમાં મજબુર થઈ ગયા, એટલા થયા કરીબ કે અમારાથી દુર થી ગયા.
રડવું છે દિલ ખોલીને, પણ શબ્દો થંભી જાય છે,
તસ્વીર સામે જોઈએ તો સલીમભાઈ હસી રહ્યા હોય એવું જણાય છે.

માણસ દેહથી વિદાય લે છે, પરંતુ તેના સંસ્કારો, તેનો પ્રેમ જીવન મૂલ્યો ક્યારેય મરતા નથી. સલીમભાઈએ જીવનભર જે આદર્શો અને સેવાભાવ દર્શાવ્યો, એ જ એમના માટેની સાચી ખિરાજે અકિદત છે.

અલ્લાહ તઆલા સમક્ષ દુઆ છે કે મર્હૂમની તમામ ખિદમતો, નેકીઓ અને સદકાર્યોને કબૂલ ફરમાવે, તેમની મગફિરત ફરમાવે, તેમની કબરને નૂરથી મુનવ્વર કરે અને તમને જન્નતુલ ફિરદૌસમાં આલા મકામ અતા ફરમાવે. તેમજ તેમના પરિવારજનો, ઓરાણ તીરમીઝી સૈયદ ટ્રસ્ટના સભ્યો અને તમામ ચાહકોને આ અસહ્ય દુઃખ સહન કરવાની સબ્ર - એ - જમીલ અતા ફરમાવે.

આમીન યા રબ્બલ આલમીન.

" વિદાય તો માત્ર શરીરે લીધી છે, યાદોમાં આજે પણ તમે અમારી સાથે છો.
સમય વહી જશે, વર્ષો બદલાશે, પણ તમારી સ્મૃતિ સદાય અમર રહેશે. "



સંકલન : હાજી જનાબ મૈયોદીન નિઝામુદ્દીન સૈયદ
- નિવૃત્ત શિક્ષક (ઘડકણ)

વીતેલો દિવસ કેન્સલ કરેલા ચેક જેવો છે, આવતી કાલનો દિવસ પ્રોમિસરી નોટ જેવો છે, જ્યારે આજનો દિવસ રોકડ રકમ જેવો છે.

જનાબ ડૉ. એ. એમ. કાદરી (એમ.ડી), એક્ઝયુકેટીવ ડાયરેકટર



સ્ટેટ હેલ્થ સિસ્ટમ રિસોર્સ સેન્ટર અને પરિવાર કલ્યાણ વિભાગ
ગુજરાત રાજ્ય

સંક્ષિપ્તપરિચય

- ઓરાણ તીરમીઝી - સૈયદ સમાજના સૌ પ્રથમ મેડીકલ ડોકટર.
- વર્ષ ૧૯૯૫ માં (MBBS) અને વર્ષ ૧૯૯૯માં કોમ્યુનીટી મેડીસીન વિષયમાં એમ.ડી પૂર્ણ કરેલ છે.
- ઓગણત્રીસ વર્ષથી વધારે સમયથી ગુજરાત રાજયમાં ગેઝેટેડ અધિકારી તરીકે તબીબી શિક્ષણ, જાહેર આરોગ્યક્ષેત્રે અને તબીબી સંશોધન તરીકે મહત્વ પૂર્ણ યોગદાન આપ્યુ છે.
- વર્ષ ૨૦૦૦ થી ગુજરાત રાજયમાં કલાસ - ૧ અધિકારી તરીકે કામગીરી બજાવી રહ્યા છે.
- હાલ, વર્ષ ૨૦૧૯ થી સ્ટેટ હેલ્થ સિસ્ટમ રિસોર્સ સેન્ટર (SHSRC), આરોગ્ય અને પરિવાર કલ્યાણવિભાગ, ગુજરાત રાજયના એક્ઝિકયુટિવ ડાયરેકટર તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે. જે અંતર્ગત ગુજરાત રાજયમાં આરોગ્ય તંત્ર અને સેવાઓ માટેની પોલીસી ઘડતર, પ્લાનીગ, રીસર્ચ, એન્ટી મોઈક્રોબીયલ રેસિસન્ટેન્સ, હેલ્થકેર ઈનોવેશનને લગતા આરોગ્ય કાર્યક્રમો અને યોજનાઓ અને યોજનાઓ અને રાજયના ફલેગશીપ વર્લ્ડ બેન્ક સહાયીત શ્રેષ્ઠ-ગુજરાત પ્રોગામના અમલી કરણમાં ટેકનીકલ નેતૃત્વ પૂરૂ પાડી રહ્યા છે.
- ૨૦૧૩ થી ૨૦૧૯ દરમિયાન રાજકોટ અને બી.જે. મેડિકલકોલેજ, અમદાવાદ આતે કમ્યુનિટી મેડિસિન વિભાગના પ્રોફેસર તથા વડા તરીકે ફરજ બજાવી હતી.
- પચીસથી વધુ કોમ્યુનીટી મેડીસીનમાં (MD) અનુસ્નાતક નિષ્ણાંત તબીબો તેમના માર્ગદર્શન નીચે તૈયાર થયા છે.
- વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૦ દરમિયાન તેમણે ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના જોઈન્ટ ડાયરેકટર તરીકે ગુજરાત રાજયમાં એઈડ્સ નિયંત્રણ અને અટકાવી કામગીરીની અમલવારીની જવાબદારી નિભાવી હતી.
- કોવિડ ૧૯ મહામારી દરમિયાન ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની નિષ્ણાંત સમિતિના સભ્ય તરીકે પણ તેમણે સેવા આપી હતી. અને તેના નિયંત્રણમાં રાજયની અગ્રણી ટીમમાં કામગીરી બજાવી હતી.
- ગુજરાત સરકાની આરોગ્યની વિવિધ કમિટીના અધ્યક્ષ, સચિવ કે સભ્ય છે અને ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તેમજ ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની વિવિધ નિષ્ણાંત અને સલાહકાર સમિતિઓ ના સભ્ય છે.
- ઈન્ડિયન એસોસિએશન ઓફ પ્રોવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિન (IAPSM) ના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ૨૦૨૩-૨૪ રાષ્ટ્રીય સ્તરે નેતૃત્વ પૂરૂં પાડ્યુ હતું.
- ઈન્ડિયન એસોસિએશન ઓફ પ્રોવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિન (IAPSM) ના રાષ્ટ્રીય સેક્રેટરી જનરલ તરીકે ૨૦૧૬ થી ૨૦૨૨ દરમિયાન તેમણે નેતૃત્વ પૂરૂં પાડ્યું
- ઈન્ડિયન એસોસિએશન ઓફ પ્રોવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિન (IAPSM) ગુજરાત ચેપ્ટરના સેક્રેટરી તરીકે ૨૦૧૨ થી ૨૦૧૬ દરમિયાન સેવા આપી ચૂક્યા છે.
- કમ્યુનિટી મેડિસિન વષય પર MBBS ના વિદ્યાર્થીઓ અને MD કરતા અનુસ્નાતક તબીબો માટેની આ વિષણયની અગ્રણી પુસ્તક એડિટર - ઈન - ચીફ રહ્યા છે.

જનાબ મોહમ્મદ સોહિલ મૈયુદ્દીન તીરમીઝી



Under Secretary, Class-I (Gujarat Secretariat Service)
Education Department, Government of Gujarat

સંક્ષિપ્તપરિચય

ઓરાણ ગામના વતની શ્રી મોહમ્મદ સોહિલ મૈયુદ્દીન તીરમીઝી ગુજરાત સરકારની ગુજરાત સચિવાલય સેવામાં (GSS) કાર્યરત અનુભવી વર્ગ-૧ કક્ષાના વહીવટી અધિકારી છે. શિક્ષણ, ટેકનોલોજી, પોલીસ સેવા તથા સરકારી વહીવટ જેવા વિવિધ ક્ષેત્રોમાં પ્રાપ્ત થયેલા બહુમુખી અનુભવના આધારે તેમણે જાહેર સેવાના ક્ષેત્રે નોંધપાત્ર અને વૈવિધ્યસભર કાર્ય અનુભવ પ્રાપ્ત કર્યો છે.

- **પરિવાર :**

તેમના પત્ની શ્રીમતી ખુશ્બુ તીરમીઝી પણ ગુજરાત સરકારમાં તાલુકા વિકાસ અધિકારી (Taluka Development Officer) તરીકે ફરજ બજાવતા ગેઝેટેડ અધિકારી છે. દંપતીને મીરહા નામની ત્રણ વર્ષની પુત્રી છે. તેમના માતા-પિતા બંને શિક્ષક તરીકે ફરજ બજાવી ચૂકયા છે. તેમના મોટા ભાઈ પણ શિક્ષક તરીકે સેવા આપી રહ્યા છે, જ્યારે ભાભી SBI Bank માં ફરજ બજાવે છે. આમ, તેમનો પરિવાર શિક્ષણ, સરકારી સેવા અને જાહેર ક્ષેત્ર સાથે સંકળાયેલું રહ્યું છે.

- **શૈક્ષણિક પૃષ્ઠભૂમિ :**

તેમણે પોતાનું પ્રાથમિક શિક્ષણ ધોળકા ખાતે તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, મિરઝાપુર, અમદાવાદ ખાતે મેળવ્યું છે. વર્ષ ૧૯૯૯ માં ધોરણ-૧૦ ની પરીક્ષા ૮૬% ગુણ સાથે તથા વર્ષ ૨૦૦૧ માં ધોરણ-૧૨ ની વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૮૦% ગુણ સાથે સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ, વર્ષ ૨૦૦૫ માં Government Engineering College, Modasa માંથી Computer Engineering વિષયમાં Bachelor of Engineering (B.E.) ની ડિગ્રી પ્રાપ્ત કરી.

- **વહીવટી કારકિર્દી અને સરકારી સેવા :**

વર્ષ ૨૦૦૬ દરમિયાન કોલેજમાં Lecturer તરીકે શૈક્ષણિક ક્ષેત્રે કારકિર્દીની શરૂઆત કરી. ત્યારબાદ વર્ષ ૨૦૦૭ થી ૨૦૦૯ દરમિયાન એક MNC કંપનીમાં Software Engineer તરીકે IT ક્ષેત્રે કામગીરી બજાવી ટેકનિકલ તેમજ મેનેજમેન્ટ ક્ષેત્રેમો વ્યવહારૂ અનુભવ પ્રાપ્ત કર્યો. વર્ષ ૨૦૦૮ માં Police Sub-Inspector (PSI) ની સ્પર્ધાત્મક પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી સમગ્ર ગુજરાતમાં Top-15 માં સ્થાન પ્રાપ્ત કર્યુ પરંતુ તે સમયે PSI તરીકે જોડાયા ન હતા. ત્યારબાદ વર્ષ ૨૦૧૦ માં પુનઃ PSI ની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી અને ફરી સમગ્ર ગુજરાતમાં Top-15 માં સ્થાન પ્રાપ્ત કર્યુ અને વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૨ દરમિયાન ગુજરાત પોલીસમાં Police Sub Inspector તરીકે સેવા આપી. વર્ષ ૨૦૧૨ માં GPSC ની સ્પર્ધાત્મક પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી ગુજરાત સચિવાલય સેવામાં પ્રવેશ મેળવ્યો અને ત્યારથી ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં છેલ્લા ૧૪ વર્ષ થી મહત્વપૂર્ણ વહીવટી જવાબદારીઓ નિભાવી રહ્યા છે.

- **ગુજરાત સચિવાલય સેવામાં કામગીરી :**

ગુજરાત સચિવાલય સેવામાં તેમણે નીચેના વિભાગોમાં વિવિધ વહીવટી જવાબદારીઓ સંભાળી છે :
(૧) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ (૨) રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ
(૩) શિક્ષણ વિભાગ
વિવિધ વિભાગોમાં ફરજ દરમિયાન તેમણે Primary તથા Departmental Inquiry, Service matters, Government Projects and Schemes, Inter-Departmental Coordination, Budget management, Policy Formulation તથા Policy-Decision Making સહિતની મહત્વપૂર્ણ વહીવટી કામગીરીમાં જવાબદારી નિભાવી છે. આ કામગીરી દરમિયાન સરકારી નીતિઓના ઘડતરથી લઈને તેમના અમલીકરણ સુધીની પ્રક્રિયા, વિભાગીય સંકલન તથા વહીવટી નિર્ણય પ્રક્રિયાનો વ્યાપક વ્યવહારુ અનુભવ પ્રાપ્ત કર્યો છે.

- **વર્તમાન જવાબદારી :**

હાલ તેઓ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગમાં અન્ડર સેક્રેટરી તરીકે ફરજ બજાવી રહ્યા છે. વર્તમાન જવાબદારી અંતર્ગત શિક્ષણ વિભાગની વિવિધ વહીવટી અને બાબતો, રોસ્ટર સંબંધિત કામગીરી, આંતર વિભાગીય સંકલન, બજેટ આયોજન અને મોનીટરીંગ તેમજ સરકારની નીતિઓ અને નિર્ણયો સાથે સંકળાયેલી મહત્વપૂર્ણ કામગીરીમાં જવાબદારી નિભાવી રહ્યા છે.

- **સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને માર્ગદર્શન :**

તેમની કારકિર્દી દરમિયાન તેમણે **Police Sub-Inpector, Chief Officer, Range Forest Officer, Bank Officer** તથા **IT Officer** સહિતની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ સફળતાપૂર્વક પાસ કરી છે. વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા પ્રાપ્ત કરવાના અનુભવને કારણે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી અને તેની વ્યૂહરચના તથા ઈન્ટરવ્યુ પ્રક્રિયા અંગે તેમને વિશેષ વ્યવહારુ સમજ પ્રાપ્ત થઈ છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા યુવાનો અને ઉમેદવારોને માર્ગદર્શન આપવાની પ્રવૃત્તિ પણ તેઓ સક્રિયપણે જોડાયેલા છે. તેમણે **GPSC**, ગુજરાત ગૌણ સેવા **SSC, High Court Staff Recruitment, Banking, Railway, Post, Income-tax** તથા અન્ય વિવિધ સરકારી ભરતી પરીક્ષાઓના ઉમેદવારોને પરીક્ષાની તૈયારી, અભ્યાસ આયોજન, વ્યક્તિગત માર્ગદર્શન તથા **Mock Interview** દ્વારા માર્ગદર્શન પુરું પાડ્યું છે.

- **હજ - ૨૦૨૬ :**

વર્ષ ૨૦૨૬ માં ગુજરાત સરકાર દ્વારા તેમની નિયુક્તિ (સમગ્ર ગુજરાત માં પ્રથમ સ્થાન) ભારત સરકારના પ્રતિનિધિ તરીકે **Consulate General of India, Jeddah** (સાઉદી અરેબિયા) ખાતે હજ સેવા માટે કરવામાં આવી હતી, જ્યાં તેમણે મહત્વપૂર્ણ વહીવટી તથા સેવાકીય ફરજો સફળતાપૂર્વક નિભાવી હતી.

- **બહુમુખી વ્યાવસાયિક અનુભવ :**

તેમની વ્યવસાયિક કારકિર્દીમાં **Lecturer, Softwere Engineer, Police Sub-Inspector** અને ત્યારબાદ ગુજરાત સચિવાલય સેવામાં **Under Secretary** તરીકેની વિવિધ ભૂમિકાઓનો સમાવેશ થાય છે. આ વૈવિધ્યસભર અનુભવને કારણે ટેકનોલોજી, શિક્ષણ, કાયદો અને વ્યવસ્થા, માનવ સંસાધન વ્યવસ્થાપન તથા સરકારી વહીવટના વિવિધ પાસાઓની વ્યવહારુ સમજ તેમને પ્રાપ્ત થઈ છે. વર્ષોથી શિક્ષણ, ટેકનોલોજી, પોલીસ સેવા અને ગુજરાત સરકારના વિવિધ વહીવટી વિભાગોમાં પ્રાપ્ત થયેલા બહુમુખી અનુભવના આધારે શ્રી મોહમ્મદ સોહિલ મૈયુદ્દીન તીરમીઝી જાહેર સેવા, કાર્યક્ષમ વહીવટ, પારદર્શિતા અને સુશાસનના અભિગમ સાથે પોતાની ફરજ નિભાવી રહ્યા છે અને સાથે સાથે તેઓ યુવાનો અને ભાવિ સ્પર્ધાત્મક પરીક્ષાર્થીઓને યોગ્ય માર્ગદર્શન પુરું પાડી તેમની ક્ષમતાના વિકાસમાં પણ યોગદાન આપી રહ્યા છે.

- **જાહેર સેવા પ્રત્યેનો અભિગમ :**

લોકોની નિઃસ્વાર્થ ભાવે સેવા કરવી એ તેમનો મુખ્ય ઉદ્દેશ છે. જ્યારે કોઈ વ્યક્તિને જરૂરિયાતના સમયે તેના કામ આવવું અને શક્ય તેટલી મદદરૂપ થવું એ જ તેઓ જાહેર સેવાનું સાચું સાર્થક માને છે.

“The true purpose of life is to be useful to other and to be there when they need you most.”

“સતત શીખવું, નિષ્ઠાપૂર્વક સેવા આપવી અને સમાજ માટે કંઈક સારું કરવાની ભાવના જ સફળ જાહેર જીવનનો આધાર છે.”

શ્રી હીરાભાઈ રામાભાઈ દેસાઈ

(નિવૃત્ત ડી.વાય.એસ.પી)



સંક્ષિપ્તપરિચય

- **વતન અને સમાજમાંથી મળેલી પ્રેરણા :**

આજથી આશરે ૪૫ વર્ષ પહેલાં, અમારા ઓરાણ ગામમાં મુસ્લિમ સમાજના પોલીસ વિભાગ તેમજ અન્ય સરકારી વિભાગોમાં ફરજ બજાવતા અનેક અધિકારીઓ નજર સમક્ષ જોવા મળતા. તેમની કામગીરી, પ્રતિષ્ઠા અને સમાજ પ્રત્યેની જવાબદારીથી મને ઘણી પ્રેરણા મળી. આ પ્રેરણાના પરિણામે મારા મનમાં પણ પોલીસ વિભાગમાં જોડાવાનો દૃઢ નિર્ણય કર્યો અને PSI તરીકે ભરતી થવાનું લક્ષ્ય નક્કી કર્યું. સતત પ્રયત્ન અને આત્મવિશ્વાસના પરિણામે પ્રથમ જ પ્રયાસે PSI તરીકે નિમણૂક મેળવવામાં સફળતા પ્રાપ્ત થઈ. મારી આ સફળતાની પાછળ મારા પિતાશ્રી દ્વારા આપવામાં આવેલ શિક્ષણ અને સંસ્કાર, તેમજ ગામના વડીલો અને લોકો સાથેના તેમના સારા સંબંધો અને વ્યવહારથી મળેલા જીવન મૂલ્યોનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. પિતાશ્રી પાસેથી મળેલા શિક્ષણ, શિસ્ત, મહેનત, પ્રમાણિકતા અને લોકો સાથે સારા સંબંધો જાળવવાની કળાએ મારા જીવનને સાચી દિશા આપી. આ મૂલ્યોને જીવનમાં અપનાવીને પોલીસ વિભાગમાં મળેલી દરેક જવાદારીને નિષ્ઠા, પ્રમાણિકતા અને ફરજભાવના સાથે નિભાવવાનો સતત પ્રયત્ન કર્યો. આ સમગ્ર સફર માત્ર એક વ્યક્તિની કારકિર્દી નથી, પરંતુ પરિવારના સંસ્કાર, શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા, વતનમાંથી મળેલી પ્રેરણા અને સમાજ માટે કંઈક કરવાની ભાવનાની સફળ કહાની છે.

- **પોલીસ સેવામાં ગૌરવપૂર્ણ સફર :**

વર્ષ ૧૯૭૮ માં ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યા બાદ એ જ વર્ષે પોલીસ વિભાગમાં PSI તરીકે સીધી ભરતી દ્વારા પ્રથમ પ્રયાસે નિમણૂક મેળવવાની સિદ્ધિ પ્રાપ્ત કરી. જૂનાગઢ ખાતે પોલીસ તાલીમ સફળતા પૂર્વક પૂર્ણ કર્યા બાદ પોલીસ સેવાની શરૂઆત ખેડા જિલ્લામાં PSI તરીકે કરી. ત્યારબાદ અમદાવાદ શહેરના એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં PSI તરીકે આશરે પાંચ વર્ષ ફરજ બજાવી. ત્યાર પછી સાબરકાંઠા જિલ્લામાં PSI તરીકે સેવાઓ આપી. પોલીસ સેવામાં આગળ વધતાં જામનગર, કચ્છ-ભુજ અને અમદાવાદ જિલ્લામાં PI તરીકે વિવિધ મહત્વપૂર્ણ જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક અને પ્રમાણિકતાથી નિભાવી. ત્યારબાદ રાજપીપળા અને ડીસા ખાતે DYSP તરીકે ફરજ બજાવી અને પોલીસ વિભાગમાં લાંબી, ગૌરવપૂર્ણ તથા નિષ્ઠાભરી સેવા આપ્યા બાદ વયનિવૃત્ત થયા.

- **પરિવાર અને શિક્ષણનો પાયો:**

આ સફળ પાછળ સૌથી મોટો આધાર મારા પિતાશ્રીના શિક્ષણ પ્રત્યેના આગ્રહ અને દૂરદેશી વિચારસરણીનો રહ્યો છે. તે સમયે મારા પિતાશ્રી શિક્ષિત હતા અને થોડો સમય પોલીસ વિભાગમાં નોકરી પણ કરી હતી. ત્યારબાદ તેમણે ખેતીકામ માટે વતન પરત આવીને પોતાના પાંચેય પુત્રોને સારૂં અને ઉચ્ચ શિક્ષણ અપાવવાનો સંકલ્પ કર્યો. અમો પાંચેય ભાઈઓને ગ્રેજ્યુએશન સુધીનું શિક્ષણ અપાવ્યું અને તેમના પ્રયત્નોના પરિણામે પાંચેય ભાઈઓને સરકારી નોકરી પ્રાપ્ત થઈ. અમારા પરિવારમાંથી ચાર ભાઈઓ પોલીસ વિભાગમાં જોડાયા. તેમાંના ત્રણ ભાઈઓ PSI તરીકે પોલીસ સેવામાં જોડાઈ આગળ વધીને DYSP ના પદ સુધી પહોચ્યા. બે ભાઈઓ નિવૃત્ત થઈ ચુક્યા છે, જ્યારે એક ભાઈ હાલમાં સુરત ખાતે DYSP તરીકે ફરજ બજાવી રહ્યા છે.



મર્હુમ હસનઅલી આઈ. તીરમીઝી


શકીલ હસનઅલી તીરમીઝી

દર વર્ષે ટ્રસ્ટને સહયોગ આપતા ૨૫,૦૦૦ ની મદદ કરી છે.
તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.



મર્હુમા સુગરાબેગમ સાબીરહુસેન તીરમીઝી
મર્હુમ સાબીરહુસેન એમ. તીરમીઝી

દર વર્ષે ટ્રસ્ટને સહયોગ આપતા આ વર્ષે પણ ૨૧,૦૦૦ ની મદદ કરી છે. તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.



મર્હુમ મુસ્તાકહુસેન કરમઅલી તીરમીઝી


દર વર્ષે ટ્રસ્ટને સહયોગ આપતા આ વર્ષે પણ ૨૧,૦૦૦ ની મદદ કરી છે. તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.



મર્હુમ મુજફ્ફરઅલી બાદરઅલી તીરમીઝી

નવેદ મુજફ્ફરઅલી તીરમીઝી

દર વર્ષે ટ્રસ્ટને સહયોગ આપતા ૧૦,૦૦૦ ની મદદ કરી છે.
તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.



મર્હુમ જનાબ રફીકુદ્દીન એ.કાદરી

દર વર્ષે ટ્રસ્ટને સહયોગ આપતા ૧૦,૦૦૦ ની મદદ કરી છે.
તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.

સોમાની નીધી ચેરીટી ટ્રસ્ટ

દર વર્ષે ટ્રસ્ટને સહયોગ આપતા ૨૧,૦૦૦ ની મદદ કરી છે.
તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.



જનાબ ડૉ. મો. નઈમ સીરાજુદ્દીન તીરમીઝી

આ વર્ષે ટ્રસ્ટને સહયોગ આપતા ૨૧,૦૦૦ ની મદદ કરી છે.
તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.

બંદે ખુદા

દર વર્ષે ટ્રસ્ટને સહયોગ આપતા આ વર્ષે પણ ૧૫,૦૦૦ ની મદદ કરી છે. તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.



જનાબ તસ્નીમઆલમ ડૉ.બાવાસાહબ તીરમીઝી

દર વર્ષે ટ્રસ્ટને સહયોગ આપતા આ વર્ષે પણ ૧૧,૦૦૦ ની મદદ કરી છે. તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.

અરહમ ઈન્ફ્રાસ્પેસ એલ.એલ.પી.

દર વર્ષે ટ્રસ્ટને સહયોગ આપતા ૧૧,૦૦૦ ની મદદ કરી છે.
તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.



જનાબ રીયાઝએહમદ અઝીમોદ્દીન સૈયદ (કાદરી) (જીદ્દાહ)

આ વર્ષે ટ્રસ્ટને સહયોગ આપતા ૧૧,૦૦૦ ની મદદ કરી છે.
તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.



હાજી જનાબ મૈયોદ્દીન નિઝામુદ્દીન સૈયદ

દર વર્ષે ટ્રસ્ટને સહયોગ આપતા આ વર્ષે પણ ૧૦,૦૦૦ ની મદદ કરી છે. તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.


સૈયદ સમીનઉદ્દીન લીયાકતઅલી

આ વર્ષે ટ્રસ્ટને સહયોગ આપતા ૧૦,૦૦૦ ની મદદ કરી છે.
તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.



જનાબ શરાફતહુસેન એફ. સૈયદ

દર વર્ષે ટ્રસ્ટને સહયોગ આપતા આ વર્ષે પણ ૧૦૦૦૦ ની મદદ કરી છે. તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.




કમાલ એસ. કાદરી

દર વર્ષે ટ્રસ્ટને સહયોગ આપતા આ વર્ષે પણ ૧૦૦૦૦ ની મદદ કરી છે. તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.



મોહતરમા ગુલીસ્તાન રીઝવાન કાદરી

આ વર્ષે ટ્રસ્ટને સહયોગ આપતા ૧૦,૦૦૦ ની મદદ કરી છે.
તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.



મક્સુદભાઈ (એમુલભાઈ) અબદુલ્લાહમીંયા સૈયદ (તીરમીઝી)

આ વર્ષે ટ્રસ્ટને સહયોગ આપતા ૧૦,૦૦૦ ની મદદ કરી છે.
તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.



જનાબ મો. સોહેલ મોહીયુદ્દીન તીરમીજી

દર વર્ષે ટ્રસ્ટને સહયોગ આપતા આ વર્ષે પણ ૫,૦૦૦ ની મદદ કરી છે. તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.



જનાબ ઈરફાન મૈયોદ્દીન કાદરી

Ph. 001-678-656-2486

દર વર્ષે ટ્રસ્ટને સહયોગ આપતા આ વર્ષે પણ ૫,૦૦૦ ની મદદ કરી છે. તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.



જનાબ ડૉ. મોઈનુદ્દીન મુસ્તાકઅલીબાવા સૈયદ

MD, MEM, MBBS (કલ્લાશરીફ)

દર વર્ષે સહયોગ આપતા આ વર્ષે પણ ૫,૦૦૦ ની મદદ કરી છે.
તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.




જનાબ ફઈમ એન. તીરમીઝી

દર વર્ષે ટ્રસ્ટને સહયોગ આપતા ૫,૦૦૦ ની મદદ કરી છે.
તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.

બંદે ખુદા

આ વર્ષે ટ્રસ્ટને સહયોગ આપતા ૫,૦૦૦ ની મદદ કરી છે.
તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.



જનાબ નિઝામઉદ્દીન બુરહાનમિયા સૈયદ

આ વર્ષે ટ્રસ્ટને સહયોગ આપતા ૫,૦૦૦ ની મદદ કરી છે.
તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.



જનાબ અખ્તરહુસેન જલાલુદ્દીન સૈયદ

આ વર્ષે સહયોગ આપતા આ વર્ષે પણ ૫,૦૦૦ ની મદદ કરી છે.
તે બદલ ટ્રસ્ટ તેમનો ઋણી છે.

SHREE SWAMINARAYAN PHYSIOTHERAPY COLLEGE, RANIP, AHMEDABAD

STARS OF SSPC

Second Year BPT University Rankers

Congratulations



Zoya Fatema Tirmizi
College Rank -1st
University Rank-1st



WORLD PHYSIOTHERAPY AWP REGIONAL CONFERENCE 2026

Theme: Fitness for All: Empowering Communities; Building Inclusive Health

CERTIFICATE OF APPRECIATION

This certificate is proudly presented to

ZOYA FATEMA TIRMIZI

for securing First/Second/Third position in *Cultural Competition*

PHYSIO SLAM

organised during *"World Physiotherapy AWP Regional Conference 2026"*, hosted by The Indian Association of Physiotherapists, held on 26-27 September 2026 at Yashobhoomi Convention Centre, New Delhi, India

Dr. Marco Pang (PT) — *Chair, AWP Region,World Physiotherapy*

Dr. Sanjiv K. Jha (PT) — *Organising Chair , WP AWP 2026*

Dr. Ruchi Varshney (PT) — *Organising Secretary,WP AWP 2026*

Dr. Heta R. Patel (PT) — *Cultural Head, WP AWP 2026*

પુસ્તકો મન માટે સાબુનું કાર્ય કરે છે.

તિરમીઝી સૈયદ સમાજનું ગૌરવ




Grand Father




Grand Mother



Father







Dr. Aamirhusen Nasirhusen Tirmizi Saiyed

Dr. Aamirhusen Nasirhusen Tirmizi saiyed is a distinguished Physician from our community. He completed his Internal Medicine Residency at Rosalind Franklin University – Chicago Medical School and is a certified Internal Medicine physician in the USA. He is currently pursuing a Cardiology Fellowship at the same institution.

The Oran Tirmizi Saiyed Trust takes immense pride in his remarkable achievement and extends its heartfelt best wishes for his continued success. May he progress further and further, bringing greater pride and inspiration to our community.

તિરમીઝી સૈયદ સમાજનું ગૌરવ

એશા અનીશએહમદ કાદરી



Completed Bachelor of Science from Middlesex University, London and Pursuring Master in Bio Medical Science from Middlesex University, London.

તિરમીઝી સૈયદ સમાજનું ગૌરવ



HSC

YEAR 2026

STD 12th Science 88%

HSC BOARD પરીક્ષા

તિરમીજી મોઈન માહિર હુસેન

વર્ષ 2026 માં એચ.એસ.સી બોર્ડ પરીક્ષામાં
(વિજ્ઞાન પ્રવાહ) ધોરણ 12 સાયન્સમાં

88% મેળવીને ઉત્કૃષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

તેમના પરિવાર અને તીરમીઝી સમાજનું
નામ રોશન કરવા બદલ તેમને ખૂબ ખુબ
અભિનંદન. અલ્લાહ તેમને ભવિષ્યમાં
ખૂબ ખૂબ આગળ વધારે તેવી દુઆ.

All the Best ♡

માટે ઓરાણ તીરમીઝી સૌયદ ટ્રસ્ટ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

તિરમીઝી સૈયદ સમાજનું ગૌરવ

રીદા પરવેઝ કાદરી



નડીયાદના વતની રીદા પરવેઝ કાદરી એ પોતાની મહેનત અને માતા-પિતાના માર્ગદર્શનના આધારે જીવનમાં આગળ વધવાની રાહ બનાવી છે. રીદા પરવેઝ કાદરી નડીયાદ શહેરના પીપલેજ રોડ સરદાર પટેલ હાઈસ્કુલમાં અભ્યાસ કરે છે. રીદા પરવેઝ કાદરી એ ધોરણ ૧૦માં ૯૧.૦૦% અને ૯૬.૩૬ પર્સેન્ટાઈલ અને સાથે એ-૧ ગ્રેડ મેળવી પરિવારનું નામ રોશન કર્યું છે. એણે સમાજનું ગૌરવ વધાર્યુંછે.

માટે ઓરાણ તીરમીઝી સૌયદ ટ્રસ્ટ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

તિરમીઝી સૈયદ સમાજનું ગૌરવ

હુમેદ મારૂફ સૈયદ (તીરમીઝી)



ખૂબ ખૂબ અભિનંદન !

હુમૈદ મારૂફ સૈયદ (તીરમીઝી) એ આંતરશાળા ગીત સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને તીરમીઝી સમાજનું ગૌરવ વધાર્યું છે. આ ઉપરાંત, હવે તેમની પસંદગી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે થઈ છે, જે સમગ્ર તીરમીઝી સમાજ માટે ખૂબ જ ગૌરવની વાત છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ હુમૈદના માતા-પિતા, દાદ-દાદી તથા નાના-નાનીને હાર્દિક અભિનંદન અને ખૂબ ખૂબ શુભેચ્છાઓ. હુમૈદ ભવિષ્યમાં પણ આવી જ રીતે સફળતા પ્રાપ્ત કરી પોતાના પરિવાર અને તીરમીઝી સમાજનું નામ રેશન કરે તેવી હાર્દિક શુભકામનાઓ.


દિલથી અભિનંદન અને શુભેચ્છાઓ !

ઓરાણ તીરમીઝી સૌયદ ટ્રસ્ટ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

(Ad.)


નોટ આઉટ
અને
વિશ્વાસની પરંપરા
“ ક્રિકેટના મેદાન પર ‘નોટ આઉટ’ રહેવું માત્ર એક આંકડો નથી,
ક્યારેક એ ખેલાડીની રમત કરતાં પણ વધુ તેના પર મુકાયેલાં
વિશ્વાસની જીત હોય છે. ”
વર્ષોથી ક્રિકેટ ટુર્નામેન્ટમાં ખૂબ જ ધમાકેદાર પ્રદર્શન કરનાર
પોતાના ટીમનાં સૌથી વિશ્વાસનીય ખેલાડી
“તીરમીજી મોહંમદ રૂહાન મસૂદ અહેમદ” દર વર્ષે
એવોર્ડ જીતીને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરતા આવ્યા છે.
“વિશ્વાસની પરંપરા”
સમય હંમેશા બદલાય છે, અને રમતનો નિયમ છે
કે સન્માન કે સતાં ક્યારેય એક જગ્યાએ સ્થિર
રહેતા નથી. દર વર્ષે સ્ટેજ પર ગર્વથી ટ્રોફી
હાથ માં લેનાર રૂહાનભાઈએ પાછલા ત્રણ વર્ષો માં
પહેલાના વર્ષની ઈનિંગ માં “11” મેચો રમાઈ તેમાં તેમણે
“11” એ “11” મેચમાં; “મેન ઓફ ધ મેચ” બન્યા.
બીજા વર્ષની ઈનિંગ માં પણ
“સેન્ચ્યુરી મારી મેન ઓફ ધ સિરીઝ” બન્યા.
આ વર્ષની ઈનિંગમાં પણ સેન્ચ્યુરી મારી પાંચ વખત
નોટ આઉટ રહીને ઈનિંગમાં હાઈએસ્ટ સ્કોર કરીને
કિયર્સેલી ક્રિકેટ કલબ માં પણ ખૂબ નામ રોશન કર્યું છે.
રૂહાનભાઈએ “2026” માં તેમની રમેલી બધી જ
ઈનિંગ્સમાં જે સિદ્ધિ હાંસલ કરી છે,
તેને આપણે સૌ વધાવી લઈએ.
RUHAN
KEARSLEY
KEARSLEY CUP
RUHAN
RUHAN

ઈસ દુનિયામેં મર્દ કે લીયે ઓરત સે બઢકર કોઈ હમદર્દ નહીં, કોઈ દોસ્ત નહીં, કોઈ સાથી નહીં



Marhum Anwarali Asgarali Tirmizi

Death : 04 / 04 / 1969



Marhum Subamiya Anwarali Tirmizi

Death : 09 / 09 / 2004


(Ad.)



Marhum Asgarali Anwarali Tirmizi

Death : 15 / 11 / 1996

(Ad.)



Marhum Makbulhusen Anwarali Tirmizi

Death : 06 / 07 / 2018

(Ad.)

Retired custom superintendent Central excise



Marhum Saiyed Mehboobmiya Imam Bux Tirmizi
Marhuma Saiyda Mohamdi Begam Mehboobmiya Tirmizi

(Ad.)



Rafikuddin Amiruddin Kadri
(Asst. Commissioner of Police)
Birth Date : 11/02/1943
Death Date : 27/04/2020.

Nasimbanu Rafikuddin Kadri
Birthday : 22/3/1953
Death Date : 14/03/2020.

(Ad.)



(Ad.)

ઈસ દુનિયામેં મર્દ કે લીયે ઓરત સે બઢકર કોઈ હમદર્દ નહીં, કોઈ દોસ્ત નહીં, કોઈ સાથી નહીં



Marhum Mehmudali Husainali Tirmizi

Marhuma Sahabzadibegam Mehmudali Tirmizi.

(Ad.)

ઓરાણ તીરમીઝી સૈયદ કાદરી પરિવારના મર્હુમોને ખીરાજે અકીદત



વહ મૌત હી ક્યા કી લબો પર ઝીકે ઈલાહી ન હો.

ઓરાણ તીરમીઝી સૈયદ કાદરી પરિવારના મર્હુમોને ખીરાજે અકીદત




વહ મૌત હી ક્યા કી લબો પર ઝીકે ઈલાહી ન હો.

ઓરાણ તીરમીઝી સૈયદ કાદરી પરિવારના મર્હુમોને ખીરાજે અકીદત



વહ મૌત હી ક્યા કી લબો પર ઝીકે ઈલાહી ન હો.

મર્હુમ ફકરૂદ્દીન કાલુમીંયા સૈયદ ની ફેમીલી



















Basket Ball Champion Team (78-79) - Junagadh PTC



